


## સલામી સવારની..

*ચર્ચા માટે થૂક્યું ચાટવું પડે, નાક વઢાવે છે,*
*શસ્ત્રોની સ્પર્ધામાં ખેંચીને, એ ડોલર કઢાવે છે,*
*પહેલાં લઢાવે, પછી પઢાવે સમજુતિ માટે -*
*દેશ-વિદેશના વડા એને છાપરે ચઢાવે છે...*

હાઈકુ

*સૂકવી નાખે*
*એકતાનો સમુદ્ર*
*જ્યાં જાય ઉકો...*
*(ભાજપમાં ઊભી તિરાડ)*

*ખોવાયું તંત્ર -*
*ઉત્સવનો રણમાં -*
*યાંત્રિક વિધિ -*
*(બેજાન ક્રિયાકાંડ)*

## ચિંતન

**કબીર હૃદય કઠોર કે શબ્દ ન લાગે સાર, સુધિ બુધિ કે હિર દૈ વિધે, ઉપજે જ્ઞાન વિચાર**

સમાજમાં અમુક વ્યક્તિઓનું દિલ પથ્થર જેવું કઠણ થઈ ગયું હોય છે. આવા માણસોને ઉપદેશની અસર થતી નથી. પ્રકૃતિ ગત ગુણોમાં જાયરે અહમ્, લોભ, ઈર્ષાનું પ્રાધાન્ય હોય ત્યારે માનવીની સંવેદના લુપ્ત થઈ જાય છે. ગાંધીજીને જયારે પૂછ્યું કે, આ દેશની સૌથી મોટી કરૂણતા કઈ? તો તેમણે જવાબ આપ્યો, ‘ભણેલા-ગણેલા દેશબંધુઓની લાગણી શૂન્યતા’ તાજેતરમાં બિલ ગેટ્સે પણ સંપત્તિદાન સમયે જે કહયું છે કે, વિશ્વના ૩૪% ટકા સંપત્તિવાન લોકો બાકીના ૬૬% ની સ્થિતિથી માહિતગાર થાય તો પણ ગરીબી અને દુ:ખના નિવારણનો રસ્તો સરળ બને.

માણસમાં જયારે સંવેદના જાગૃત થાય છે, હૃદય અન્યના દુ:ખે દ્રવી ઊઠે છે ત્યારે જ સત્ય સમજાય છે. પાષાણ ઉપર પાણીની અસર નથી થતી તેમ બોધની અસર દુર્જનને થતી નથી. કઠોરને કોમળ બનાવવું, આક્રોશને અનુકંપામાં પરિવર્તન કરવો અને સ્વાર્થમાંથી પરમાર્થમાં પ્રયાણ કરવું તેજ સાચો જ્ઞાનમાર્ગ છે. તેથી જ આપણે પ્રાર્થના કરીએ છીએ કે,

‘હૈત લાવી હસાવ તું સદા રાખ દિલ સાફ’

## સુવિચાર

- દરદની સાથે જેને લોહીની સગાઈ મળે... એ હૃદયમાં જ તને દોસ્ત, માણસાઈ મળે... - **રાજેશ વ્યાસ**
- સ્મિત વેરતા પ્રભાતની મીઠાશ તમારે માણવી છે?
  તો તમારે રાત્રિનો આંધળો કાળ સહન કરવો જ પડશે - **માર્ક ટ્વેઈન**
- જે વ્યક્તિ ચિંતા કરે છે તેને ઈશ્વરમાં વિશ્વાસ નથી હોતો,
  અને જેને ઈશ્વરમાં વિશ્વાસ હોય છે તેને ચિંતામાંથી મુક્તિ મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વકતૃત્ત્વ એટલે વિચારોનું ચિત્ર ચિતરવું તે,
  એવી રીતે બોલવું કે સાંભળનારા પ્રસન્ન થઈ જાય - **રજનીશ**
- આપણું રહસ્ય જો આપણે ખુદ ન જાળવી શકીએ તો
  બીજાઓ જાળવે એવી અપેક્ષા કેમ રાખી શકાય - **સરદાર પટેલ**
- રહસ્યને ખાનગી રાખવું હોય તો તેને ઢાંકવાની કોશિશ ન કરો,
  કારણ કે ઢાંકેલી ચીજ જાણવાની બધાને લાલચ હોય છે - **અમૃતા પ્રિતમ** (સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આપણે કયારેક જેમ લગ્નપ્રસંગે કે મોટી કથા કે કોઈ સામાજિક પ્રસંગનું વિગતવાર આયોજન કરીએ છીએ. એમાં આવનારી કાલ્પનિક મુશ્કેલીઓનો પણ વિચાર કરી આયોજન કરીએ છીએ એમ સંપૂર્ણ જીવનનું પણ વિચારપૂર્વક આયોજન કરવું જોઈએ.

ઢળતી સાંજ હતી - ભર શિયાળો હતો - કડકડતી ઠંડી હતી - ચેરીના વૃક્ષ પર ચકલીઓનું ઝૂંડ ઠૂંઠવાતું બેઠું હતું. ઝાડ પર ઉગેલી બધી ચેરી ચવાઈ ગઈ.

ત્યાં વૃક્ષ પર બેઠેલી બે-ત્રણ ચકલીઓનું ધ્યાન થડના મૂળ પાસેથી ઉપર ચઢતી ગોકળગાય પર પડ્યું. અંદરોઅંદર વાતચીતમાં ચકલીઓ કહેવા લાગી આ ગોકળગાય કેવી મૂર્ખ છે આ ચેરીના ઝાડ પર કંઈ જ નથી. ઠુંઠું છે અહીં શું ખાવા આવતી હશે?!

... ત્યાં એક ચકલીએ તો કહી જ દીધું, ગોકળગાય - તું ખોટી મહેનત ન કર અહીં બધી ચેરી ચવાઈ ગઈ છે ખોટી મહેનત ન કર... ગોકળગાય કહે, મને ખબર છે પણ હું જયારે ઉપર પહોંચીશ ત્યારે ચેરી ને નવાં ફળ લાગી ગયાં હશે...

# સરપ્રાઈઝ વિઝિટનાં લેખાંજોખાં

## તંત્રીસ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાબુલમાં પાકિસ્તાન પર માછલાં ધોયા બાદ ગણતરીના જ કલાકોમાં લાહોર ખાતે પાક વડાપ્રધાનની સરપ્રાઈઝ મુલાકાત લઈ એમનાં કૌટુંબિક કાર્યક્રમમાં હાજરી પુરાવી એથી દેખીતી રીતે જ મિશ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. ભારતીય જનતા પાર્ટી કે કેન્દ્ર સરકારનું કહેવાતું માર્ગદર્શક મંડળ આ મુદ્દે ‘મનની વાત’ જાહેર કરી શકે એમ જ નથી કારણ કે મોદીનું કદ પાર્ટી અને પાર્ટીના રખેવાળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કરતાં કયાંય ઊંચી બની ચૂક્યું છે. અત્યાર લગી ભારતીય જનતા પાર્ટી પાક વિરોધી વલણ ધરાવતી પાર્ટી તરીકે ઓળખવામાં ગૌરવ અનુભવતી રહી હતી. હવે એકાએક એને ‘પાડોશીધર્મ’ પાળવાનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે. મોદીએ અત્યાર સુધીના કોઈ પણ વડાપ્રધાન કરતાં વધારે સાહસિક પગલું ભરી જગતને ચોંકાવી દીધું એને પાર્ટી મોટી ‘સિદ્ધિ’ ગણાવી રહી છે. જો કે શિવસેના જેવા સહયોગી પક્ષને મોદીનું આ પગલું હરગિજ ગમ્યું નથી. શિવસેનાના પંજાબ એકમે તો મોદીને આ કૃત્ય બદલ રાષ્ટ્રની માફી માગવાની શિખામણ આપી દીધી છે તો વળી સંજય રાઉતે પાક સાથે સંબંધો સુધારીને વડાપ્રધાન દાઉદ જેવા ડૉનને ભારત લઈ આવી શકે તો જ આ પગલાને યોગ્ય માનવાની તૈયારી રાખી છે. મોદીની રાજકીય અને કૂટનીતિક ‘મોડસ ઓપરેન્ડી’ ના જાણતલ સમીક્ષકો માટે એમનું પગલું વિશેષ આશ્ચર્યપ્રેરક નથી. એમને આ પ્રકારના આંચકા આપી લાઈમલાઈટમાં રહેતાં આવડે છે તે કોણ નથી જાણતું? પરંતુ પાકિસ્તાન જેવા દુશ્મન પાડોશી સાથે આવાં વ્હાલોચાં લગાડવાથી લાંબે ગાળે પાક વિરોધી પાર્ટીને ભારે નુકશાન પણ થી શકે છે. જદ (યુ)ના મહામંત્રી કે.સી. ત્યાગીએ કહ્યું એમ ઘણા બધા દેશપ્રેમી નાગરિકોને ભારતીય સૈનિક હેમરાજનું કપાયેલું માથું યાદ આવ્યું હશે. પાકિસ્તાન હવે તો લગભગ રોજના હિસાબે કાશ્મીરમાં ઉંબાડિયાં સળગાવતું રહે છે, ત્યાં રોજેરોજ પાક ઝંડા ફરકાવાય છે. એમ છતાં ભારતીય વડાપ્રધાન ઠંડા કલેજે પાક વડાપ્રધાનના જન્મદિવસની મહેફિલમાં જોડાઈ શકે છે તે શું સૂચવે છે? નાતાલના દિવસો ચાલી રહ્યા છે એટલે ઈસુનો શાશ્વત સંદેશો યાદ આવ્યા વગર રહેતો નથી. ઈસુએ કહ્યું હતું : ‘કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે તો એની સામે ડાબો ગાલ ધરજે.’ આવી આધ્યાત્મિક સમજણ સાથે જો પાડોશી દેશ સાથે સંબંધો સાચવી શકાતા હોય તો તે મોદીને મુબારક! કોંગ્રેસે એમની મુલાકાત પૂર્વયોજિત હોવાનું અને વ્યાપારિક કારણોસર યોજાઈ હોવાનું જણાવ્યું છે. પરંતુ આશ્ચર્યજનક ઘટના એ છે કે મોદી-નવાઝ પ્રેમસંબંધોનો પાકિસ્તાનમાં પુરસ્કાર થયો છે. આતંકવાદી હાફિઝ સઈદ સિવાય કોઈએ એનો વિરોધ નથી કર્યો. પાકિસ્તાનના બધા રાજકીય પક્ષોએ આ ઘટનાને બે દેશો વચ્ચેના સંબંધો સુધારવાની દિશામાં મહત્ત્વનું પગલું ગણાવ્યું છે. યુએન, અમેરિકા અને ચીનને પણ આ પગલું ગમ્યું છે અથવા ચીનને તો કદાચ એ ‘ગમ્યું છે’ એવું મજબૂરીથી કહેવું પડ્યું છે. પરંતુ રામ માધવનુ નિવેદન પાકિસ્તાનને અને ખુદ મોદીને જરુર ભોંઠપભરી સ્થિતિમાં મુકી શકે. એમણે તો ઉત્સાહમાં આવી જઈ ‘અખંડ ભારત’ની શ્રી અરવિંદ પ્રેરિત કલ્પના રમતી મૂકી દીધી છે! બીજી તરફ પાકિસ્તાને કાશ્મીર મુદ્દો મજબૂતાઈથી પકડી રાખ્યો છે. મોદીની નવાઝ શરીફ સાથેની મુલાકાત નવું કારગિલ શરુ ન કરાવે તોય ઘણું! વાજપેયીના નવાઝપ્રેમની ફળશ્રુતિ કારગિલ યુદ્ધમાં પરિણમી હતી અને એમાં હજારો ભારતીય સૈનિકોને શહીદી વહોરવી પડી હતી તે એમને યાદ હશે જ!

# અતિતને વળી કયાં ‘અંત’ હોય છે, જરા યાદ કરો એટલે ‘જીવંત’ હોય છે

*અડધી યાદો તાજી છે ને અડધી યાદો દાઝી છે,*
*બાકીની અડધી કંઠે ડૂમો થઈને બાઝી છે....*

*- મુકેશ જોષી*

વર્ષ ૨૦૧૫નો અંત અને ૨૦૧૬માં આપણો પ્રવેશ એ તો કેલેન્ડરના પાનામાં બદલાઈ રહેલા વર્ષો અને દિવસોનો હિસાબ છે. આપણે તો આજીવન યાદ અને ઘટનાઓના પ્રવાસી છીએ. જેમ જેમ સમય વીતતો જાય, ઉંમર વધતી જાય તેમ તેમ આપણી પાસે રહેલો આ યાદોનો ખજાનો વધુને વધુ સમૃદ્ધ બનતો જાય. કેટલીક યાદો, કેટલાક સંબંધો, કેટલીક ક્ષણો મનના સ્મૃતિપટ પર એક ચલચિત્રની માફક નિરંતર ચાલતી રહે. વર્ષો તો આમ જ વીતતા જવાના પણ મનમાં રહેલી વાતો સતત યાદ બનીને સચવાયેલી રહેવાની. સમયની સાથે સાથે આપણા સ્વભાવમાં, વર્તનમાં, વાતોમાં પરિવર્તન આવતું જાય છે. જો કે, આ વાતનો અહેસાસ આપણને ખુદને ઓછો અને આપણી આસપાસની વ્યક્તિઓને વધુ થતો હોય છે અને તે જ પ્રમાણે આપણી અંગત વ્યક્તિઓ, મનપસંદ વ્યક્તિઓમાં આવતા ફેરફારોના મૂક પ્રેક્ષક આપણે બનતા હોઈએ છીએ.

*તારા કરતાં*
*વધારે વફાદાર*
*તારી યાદ!*
*જૂની થઈ, ઘસાઈને ફાટી ગઈ છે.*
*આવીને થોડી નવી યાદો તો આપી જા !*
*કેટલું પરિવર્તન આવ્યું હશે,*
*જરા વિચાર તો કર,*
*તારી બાજુમાં છું ને તને યાદ કરું છું !*
*થાકી ગઈ છું હું તારાથી,*
*કેટલી કરું ફરિયાદ ?*
*હજાર વાર કીધું છે,*
*બધું વિખરાયેલું ના રાખ,*
*કપડા, કબાટ, જ્યાં જોઉં,*
*બધે ઢોળાયેલી છે તારી યાદ !*

*- અપેક્ષા સોલંકી*




ઘણીવાર આપણે આપણી routine lifeમાં ખૂબ વ્યસ્ત હોઈએ છતાં અચાનક જ અરીસામાં જોતા જ કોઈ ક્ષણ યાદ આવી જાય અને આપણી પાંપણનો ખૂણો આપણી જાણ બહાર ભીંજાઈ જાય. વર્ષ ૨૦૧૫ના અંતિમ ચરણમાં આપણે આવી પહોંચ્યા છીએ ત્યારે ટેલિવિઝન પર જેમ વર્ષના ટોપ-૧૦ ગીતો, ટોપ-૧૦ ફિલ્મો, ટોપ-૧૦ સ્ટાર્સ - આ તમામને માણીએ છીએ તે જ પ્રમાણે આંખો બંધ કરીને આપણા આ વર્ષની ટોપ-૧૦ મોમેન્ટ્સ, ટોપ-૧૦ વાતો, ટોપ-૧૦ યાદોને વાગોળીએ તો એક અનેરી આહ્‌લાદકતાનો અનુભવ કરી શકીએ. કેટલીક યાદોથી હૈયું ભરાઈ આવે, તો કેટલીક યાદોથી હોઠ મલકી ઊઠે. વિજયભાઈ દેસાઈ કહે છે તેમ,

*“અતિતને વળી કયાં ‘અંત’ હોય છે,*
*જરા યાદ કરો એટલે ‘જીવંત’ હોય છે.”*

આવનારા વર્ષોમાં યાદોનો આ કાફલો આમ જ ચાલ્યા કરશે અને એમાં વળી પાછી જોડાશે કેટલીક નવી યાદો. જીવનની આ સફર આમ જ યાદોને વાગોળતાં વાગોળતાં પૂરો થઈ જશે અને આપણને એનો ખ્યાલ પણ નહિ રહે. સંબંધો, સંજોગો, વ્યક્તિઓ - આ બધાના અવનવા રૂપને માણીને યાદોની સફરને આમ જ પૂરી કરવાનું નામ જ છે ‘જિંદગી.’ જે મનમાં દબાયેલું સુષુપ્ત રીતે બેઠું છે તેને વ્યક્ત કરીને નવા વર્ષની ઉજવણી કંઈક અનોખી રીતે કરીએ. પત્ર ન લખો તો કંઈ નહિ પણ e-mail, sms, કે whats app થી દૂર કયાંક છૂટી ગયેલા હાથને કે છૂટી ગયેલી ક્ષણને તાજી કરીએ. મળવાનો સમય ન હોય તો કંઈ નહિ સ્મૃતિપટ પર સંબંધોની સુવાસને તો યાદોમાં ચોક્કસપણે સદાય મધમધતી રાખીએ જ. કોની પાસે કેટલી આર્થિક સમૃદ્ધિ કે વિશિષ્ટ લાયકાતો છે એ મહત્ત્વનું નથી પણ યાદોનો વૈભવ-વારસો કોની પાસે સૌથી વધુ છે, તેને countdown માં number-1 ની position આપીએ અને આવતા વર્ષે તેના બદલે આ position આપણે મેળવી શકીએ તેના માટે આજથી જ પ્રયત્નશીલ બનીએ.

- nehalgadhavi101@gmail.com

# પશ્ચિમ બંગાળ કબજે કરવા સુભાષ-શ્યામાબાબુ ભાજપના નાયક

પશ્ચિમ બંગાળમાં આગામી એપ્રિલ ૨૦૧૬માં વિધાનસભાની ચૂંટણીમાં સત્તા કબજે કરવાના સંકલ્પ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતશાહ મેદાને પડ્યા છે. જંગ પ્રતિષ્ઠાનો છે. જોકે ભારતીય જનતા પક્ષના આસ્થાપુરુષ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી અને કૉંગ્રેસના અધ્યક્ષ તેમજ ફૉરવર્ડ બ્લૉક જેવા ડાબેરી પક્ષના સંસ્થાપક રહેલા નેતાજી સુભાષચંદ્ર બોઝના નામે વૈતરણી તરવાની ભાજપની મહેચ્છાની પૂર્તિ માટે દેશના લોકલાડીલા કૉંગ્રેસી વડાપ્રધાન રહેલા લાલબહાદુર શાસ્ત્રીના દોહિત્ર અને ભાજપના રાષ્ટ્રીય મંત્રી સિદ્ધાર્થ નાથ સિંહને પશ્ચિમ બંગાળના પ્રભારી બનાવાયા છે. ૧૯૨૫માં કૉંગ્રેસી નેતા ડૉ. કેશવ બલિરામ હેડગેવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ની સ્થાપના કરી હતી. ડૉ.હેડગેવારનો કોલકાતા અને એના ક્રાંતિકારીઓ સાથે સારો એવો ઘરોબો રહ્યો. સ્વયં ડૉ.હેડગેવારનું શિક્ષણ પણ કોલકાતામાં થયું. ૧૯૨૦માં મહાત્મા ગાંધી કૉંગ્રેસના સર્વેસર્વા તરીકે આરૂઢ થાય નહીં એટલા માટે ડૉ. હેડગેવાર સહિતના ટિળકવાદી કૉંગ્રેસીઓ મહર્ષિ અરવિંદ(પ્રા. અરવિંદ ઘોષ)ને કૉંગ્રેસના અધ્યક્ષ થવા માટે સમજાવવા પુડુચેરી(એ વેળાના પાંડિચેરી) ગયા હોવાનું ડૉક્ટરજીની જીવનકથામાં નોંધાયેલું છે. અરવિંદ માન્યા નહીં અને


**ભાજપના નવનિયુક્ત પ્રદેશાધ્યક્ષ દિલીપ ઘોષ ૨૩ જાન્યુઆરીએ એટલે કે નેતાજીના જન્મદિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કોલકોતા નિમંત્રવાની વેતરણમાં**

ડૉક્ટરજી સહિતના મહાનુભાવો નિરાશ થઈ પરત નાગપુર આવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં પગદંડો જમાવવા માટે સમગ્ર સંઘ પરિવારનો ય સક્રિય સહયોગ મળે એટલા માટે સંઘના માનીતા દિલીપ ઘોષને હમણાં પશ્ચિમ બંગાળ ભાજપના અધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવ્યા છે. એમના આ પદના આકાંક્ષી રાહુલ સિંહાને ભાજપના રાષ્ટ્રીય મંત્રી બનાવાયા છે.

પશ્ચિમ બંગાળના નવનિયુક્ત અધ્યક્ષ ઘોષ સાથે સોમવાર, ૨૧ ડિસેમ્બરે અમે વાત કરી ત્યારે તેઓ સપ્તાહભર ચાલેલા રાજ્યવ્યાપી જેલ ભરો આંદોલનના અંતિમ પડાવમાં હતા. એમનો આશાવાદ પશ્ચિમ બંગાળમાં ભાજપને નંબર ટુ પાર્ટી ગણાવવામાં ઝળકતો હતો. મોદીના ટેકે ભાજપની નૈયા સત્તા સુધી એટલે કે રાઈટર્સ બિલ્ડિંગ સુધી પહોંચી શકવાની એમને શ્રદ્ધા છે. જોકે અત્યારે રાજ્યમાં ભાજપની સ્થિતિ ઝાઝી હરખાવવા જેવી નથી. એક નામનિયુક્ત સહિત કુલ ૨૯૫ સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભામાં તૃણમૂલ કૉંગ્રેસનાં આક્રમકે અધ્યક્ષા અને મુખ્યમંત્રી મમતા બેનરજીના પક્ષની ભારે બહુમતી છે. છેક ૧૯૭૭થી ૨૦૧૧ લગી પશ્ચિમ બંગાળ પર શાસન કરનાર ડાબેરી મોરચાને ધૂળ ચટાડીને મે ૨૦૧૧ની ચૂંટણીમાં મમતાના પક્ષે ૧૯૧ બેઠકો કબજે કરી હતી. ડાબેરી મોરચો ૬૦ બેઠકોમાં સીમિત થયો હતો.કૉંગ્રેસને માત્ર ૩૫ બેઠકો અને ભાજપને રોકડી એક બેઠક મળેલી છે. લોકસભાની મે ૨૦૧૪માં યોજાયેલી ચૂંટણીમાં માત્ર બે બેઠકો સાથે ભાજપ ચોથા ક્રમે હતી. તૃણમૂલને ૩૪, કૉંગ્રેસને ૪ અને માકર્સવાદીઓને માત્ર ૨ બેઠકો મળી હતી. કોલકાતા મહાનગરપાલિકા સહિતની ચૂંટણીઓમાં પણ મમતાનો જાદુ હજુ અકબંધ છે એવું છેલ્લી ચૂંટણીઓમાં અનુભવાયું. ૧૪૪ સભ્યોની મહાપાલિકામાં મમતાની તૃણમૂલ કૉંગ્રેસે એપ્રિલ ૨૦૧૫માં ૯૫ બેઠકો જીતી ત્યારે ભાજપને માંડ સાત બેઠકો મળી હતી. ક્યારેક ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી અહીં મેયરપદે બિરાજતા હતા.ભાજપના નવનિયુક્ત પ્રદેશાધ્યક્ષ દિલીપ ઘોષ તો અમને કહે છે: ‘એ સાતમાંથી તૃણમૂલમાંથી આવેલા બે જણા તો સ્વગૃહે પાછા ફર્યા એટલે મહાપાલિકામાં અમારા પાંચ સભ્યો જ છે.’

પશ્ચિમ બંગાળમાં અત્યારના આંકડાઓનો અભ્યાસ કરીએ તો ભાજપને વિધાનસભામાં બહુમતી મળવની કોઈ અપેક્ષા રાખવી વ્યર્થ હોવા છતાં ૨૦૧૧ની વિધાનસભાની ચૂંટણીમાં મમતા બેનરજીએ જે ચમત્કાર સર્જ્યો એવો ચમત્કાર નરેન્દ્ર મોદી- અમિત શાહ સર્જી શકે એવું દિલીપબાબુને અભિપ્રેત છે. જોકે બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ પછી ભાજપની જે સ્થિતિ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં થઈ છે, એ જોતાં પક્ષનું મોવડી મંડળ ચિંતિત જરૂર છે. આવતા વર્ષ ૨૦૧૬ દરમિયાન તમિળ નાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ, પુડુચેરી અને આસામની વિધાનસભાની ચૂંટણીઓ ઉપરાંત ડિસેમ્બર મહિનામાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી શક્ય છે. એ પછીના વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૭માં ગોવા, મણિપુર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબની વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામો વડાપ્રધાન મોદીની નેતાગીરી માટે નિર્ણાયક ઠરશે. પ્રત્યેક રાજ્યને યેન કેન પ્રકારેણ ભાજપની ઝોળીમાં લાવવા માટે જમ્મૂ-કાશ્મીર જેવાં કજોડાં કે અરુણાચલ પ્રદેશ જેવી તોડફોડ કરવામાં ભાજપની નેતાગીરીએ રમમાણ રહેવું પડશે.

પશ્ચિમ બંગાળમાં જીતવા કે સ્થિતિ સુધારવાનું ભાજપ માટે અનિવાર્ય છે. તૃણમૂલ કૉંગ્રેસનાં સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનરજીને પોતાના પડખામાં લેવાની વડાપ્રધાન મોદીની લાખ કોશિશો છતાં બંગાળની આ વાઘણ સંયુક્ત લોકતાંત્રિક મોરચા(એનડીએ)ની છાવણીમાં આવવા તૈયાર થઈ નથી. ઉલટાનું બિહારના નીતીશકુમાર-લાલુપ્રસાદ જોડાણ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મધુર સંબંધો કેળવીને નવા ત્રીજા મોરચાની રચનાની વેતરણમાં છે. મૂળ કૉંગ્રેસી ગોત્રનાં હોવા છતાં મમતા સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન(યુપીએ) અને એનડીએ સાથે રહીને પ્રધાનપદે રહ્યાં હોવા છતાં એમને સાચવવાનું કોઈને માટે શક્ય નથી. એનડીએની વાજપેયી સરકારમાં પ્રધાન રહ્યા પછી યુપીએની કૉંગ્રેસના વડપણવાળી સરકારમાં પણ એ પ્રધાન રહ્યાં છે. મમતા મિત્રપક્ષોને ગમે ત્યારે દઝાડી મૂકે એવી પ્રકૃતિ ધરાવતાં હોવા છતાં એમના બંગાળની પ્રજા સાથેના ગાઢ અનુબંધ અને સાદગીભર્યા જીવને નેતા તરીકે કાયમ સ્વીકૃતિ અપાવી છે. હજુ ઉંમર એમના પક્ષે છે. માંડ ૬૦ વર્ષનાં મમતા સ્વતંત્ર અસ્તિત્વ ટાકવી રાખવાનાં પક્ષધર છે. પશ્ચિમ બંગાળમાં માતૃસંસ્થા કૉંગ્રેસ તો ડાબેરી મોરચા સાથે મધુર સંબંધ ધરાવે છે, એવી એમની ભૂમિકા આગામી વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ સાથે જોડાણ કરવા પ્રેરશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. કૉંગ્રેસ અને માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના નેતૃત્વવાળો ડાબેરી મોરચો સાથે મળીને ચૂંટણી લડશે તો ફાયદો ઊઠાવવાની કોશિશ ભાજપ જરૂર કરશે. જંગ ત્રિકોણીયો થશે કે ચતુષ્કોણિયો એ કહેવું અત્યારના તબક્કે મુશ્કેલ હોવાનું ભાજપના પ્રદેશાધ્યક્ષ ઘોષ કહે છે. ભાજપ માટે તૃણમૂલ અને ડાબેરી મોરચાથી સલામત અંતર રાખીને જ વિધાનસભામાં પોતાની સ્થિતિ સુધારી શકાય. આમ પણ માત્ર એક જ વિધાનસભ્ય અને ૩ સાંસદ(એક નામનિયુક્ત ઍંગ્લો-ઈન્ડિયન સભ્ય સહિત) ધરાવતી ભાજપા માટે બંગાળમાં તો વકરો એ નફો જ છે.




વડાપ્રધાન અને રાજ્યપાલપદ ભાજપ કને હોવાને કારણે વિધાનસભાની ચૂંટણી આવે ત્યાં લગી પશ્ચિમ બંગાળમાં તો આયારામ-ગયારામની કવાયત જોવા મળશે. પક્ષની અને વડાપ્રધાનની પોતીકી પ્રતિષ્ઠાને દાવ પર લગાડીને સત્તા મેળવવા કે પછી મુખ્ય વિપક્ષનું સ્થાન પ્રાપ્ત કરવા તમામ પ્રકારના ઉધામા ભાજપની નેતાગીરી મારે એ સ્વાભાવિક છે. વડાપ્રધાન મોદી આગામી ૨૩

**નેતાજીની ફાઈલોમાંથી પંડિત જવાહરલાલ નેહરુ અને સોવિયેત રશિયાના સામ્યવાદી નેતાગીરી વિરૂદ્ધના દસ્તાવેજોનો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભરસક ઉપયોગ કરવાની વ્યૂહરચના**

જાન્યુઆરીએ એટલે કે નેતાજીના જન્મદિને ભારત સરકાર પાસેની સુભાષચંદ્ર બોઝની તમામ ગુપ્ત ફાઈલો ખુલ્લી મૂકવા સંકલ્પબદ્ધ છે. પશ્ચિમ બંગાળ ભાજપની કોશિશ એ છે કે એ દિવસે વડાપ્રધાન મોદી કોલકાતા આવીને નેતાજી સાથે પોતાના પક્ષને જોડીને રાજકીય લાભ ખાટી શકાય એવો માહોલ સર્જે. નેતાજીના બોઝ પરિવારના વંશજોમાં ભાગલા પડાવીને વડાપ્રધાન યુરોપમાં કે દિલ્હીમાં એમને મળતા રહ્યા છે. મોદી એક કાંકરે બે અથવા અનેક પક્ષી પાડવા માંગે છે. નેતાજીની ફાઈલોમાંથી પંડિત જવાહરલાલ નેહરુ અને સોવિયેત રશિયાના સામ્યવાદી નેતાગીરી વિરૂદ્ધના દસ્તાવેજોનો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભરસક ઉપયોગ કરવાની વ્યૂહરચના લાગે છે. વળી શ્યામાપ્રસાદ મુકરજીનું નામ તો પશ્ચિમ બંગાળની હિંદુ વૉટબેંક અંકે કરવા ભાજપ-સંઘની નેતાગીરીને હાથવગું છે. જોકે મમતા અને ડાબેરી મોરચાને બંગાળની મુસ્લિમ વૉટબેંક પોતીકી લાગતી હોય ત્યારે ડૉ.મુકરજી ૧૯૪૨માં ફઝલુલ હકની સરકારમાં નાણાં મંત્રી હતા અને હિંદુ-મુસ્લિમ એકતા સાધીને અલગ બંગાળ દેશના પક્ષધર હતા એ વાતની આગળ કરવાના પણ વ્યૂહ રચાય. આવા તબક્કે શ્યામાબાબુ હિંદુ મહાસભાના અધ્યક્ષ હતા અને ૧૯૪૦માં લાહોરમાં મળેલા મુસ્લિમ લીગના અધિવેશનમાં પાકિસ્તાનનો ઠરાવરજૂ કરનાર ફઝલુલ હકની ૧૯૪૨ની સરકારમાં નાણાં પ્રધાન હતા અને તત્કાલીન કૉંગ્રેસની ‘હિંદ છોડો’ ચળવળને નિષ્ફળ બનાવવા બ્રિટિશ ગવર્નરને પત્ર લખતા હતા એ વાતને પડદા પાછળ જ રાખવાના વ્યૂહ પણ ઘડવામાં આવે.

# સંસદના શિયાળુ સત્રમાં કાયદામાં ધરખમ ફેરફારો થશે

ભારતની સંસદમાં શિયાળુ સત્રમાં મોટા ભાગના પડતર બિલો મંજુરી માટે મુકવામાં આવતા આગામી સમયમાં દેશના જુના કાયદાઓ તથા અર્થતંત્રના વિકાસ માટે અવરોધરૂપ એવા જુના નિયમો, ઠરાવોમાં કાયદા દ્વારા ધરખમ ફેરફાર થશે. આ સત્ર દરમ્યાન તમામ રાજકીય પક્ષોના સાંસદો દ્વારા ચર્ચા, વિચારણા દ્વારા મહત્વપૂર્ણ કાયદા ઘડવા માટે સારૂં એવું યોગદાન દરેક પક્ષે જનતાની ઈમેજમાં બંધાવવા માટે આપવું પડશે અને જુની ઘરેડ તથા જડ નિયમોમાં કાયદા દ્વારા અમૂલ ફેરફાર થશે.

ગુડસ એન્ડ સર્વીસીસ ટેક્ષ (જીટીએસ) બીલ ભારતીય અર્થતંત્રની દિશ અને દશા બદલી શકવા માટે મહત્વનું છે. યેનકેન રીતે ગત સત્રમાં મંજુર થતા થતા રહી ગયેલ આ બિલે વિરોધ પક્ષોની ઈમેજ ખરડીછે જે સાફ બનાવવા ખાતર તથા દેશના આર્થિક વિકાસમાં યોગદાન જરૂરી જ નહી પરંતુ અનિવાર્ય હોવાનું દરેક રાજકીય પક્ષોએ બતાવવું પડશે આ માટે કરવેરાના સરમીકરણ માટે આ બિલ પાસ થતા ભારતની જીડીપીમાં વર્ષે૦.૯ થી ૧.૭ ટકાની વૃધ્ધી થશે તેનાથી દેશના કરવેરાની આવકમાં પારદર્શતા આવતા ૦.૨ ટકા સુધીનો વધારો થશે જે આવક દેશના વિકાસમાં વપરાશે પરિણામે જનતાના નાણા જનતાને મળશે. દેશના અર્થતંત્રની નિકાસમાં આ બિલ પાસ થતા ૩.૨ થી ૬.૩ ટકા સુધીનો વધારો થશે. આયાત, નિકાસના નિયમો હળવા બનશે. રેવન્યૂ ન્યૂટલ રેટ યોગ્ય રીતે નક્કી થશે પરિણામે રાજયોને ફાયદો થશે.

રીયલ એસ્ટેટ અધિનિયમન બિલ પણ સંસદમાં પસાર કરવામાં આવશે. બિલમાં રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી રચવાની અને કોઈપણ કોર્મસીયલ પ્રોજેકટને આ રેગ્યુલેટરી પાસેથી પૂર્વ મંજુરી મેળવવી પડશે તેથી વિવાદોનું ઝડપની નિકારણ થતા અટવાયેલ પ્રોજેકટ સમયગાળામાં પૂરા થતા દેશના વિકાસનું એન્જીન ઝડપથી આગળ વધશે. આ માટે રીયલ એસ્ટેટ ટ્રીબ્યુનલની પણ રચના કરવામાં અવશે જે ગ્રાહકોના હિતનું પણ રક્ષણ કરશે.

અન્ય એક બિલ વટાવખત કાયદો પણ પસાર થતા ચેકનો અનાદર થતા વ્યવસાયીક વ્યવહારોમાં સમય બગાડે છે. વટાવખત દ્વારા ૧૮૮૧ મુજબ જે બેન્કના અધિકાર ક્ષેત્રમાં ચેકનો અનાદર થયો હોય ત્યાંજ આ પ્રકારના વિવાદનું નિરાકરણ થવું જોઈએ અટલે કે જયાંથી ચેક ઈસ્યુ થયો હોય ત્યાં જ તે ક્ષેત્રાધિકારની કોર્ટમાં વિવાદનું નિરાકરણ કરવાની જોગવાઈ ઘડાશે. આવી જોગવાઈથી ડિફોલ્ટરને ગેરવ્યાજબી કાયદાકીય ટેકનિકલ ફોલ્ટનો લાભ આપતી હતી અને લેણદારને નુકશાન થતું હતું જે નવી જોગવાઈઓ મુજબ લેણદાર ના તરફેણમાં ટેકનિકથી વ્યવસાયીક વ્યવહારોમાં થતો વિલંબનો અંત આવતા માર્કેટમાં કરન્સી રી સર્કલ થતા આર્થિક ગ્રોથનો વધારો થશે. જેનાથી ઈરાદાપૂર્વકના ડિફોલ્ટરોમાં ઘટાડો થશે. વ્યવહારોમાં પ્રામાણિકતા આવશે. કોર્ટના કેસોમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓના કેસોનો ભરાવો ઘટશે. પીડીત પક્ષના કાયદેસરના અધિકારોને આ બિલથી મજબુતાઈ મળશે.

સૂક્ષ્મ, મધ્યમ અને લઘુ ઉદ્યોગો દેશના વિકાસમાં પૂરક બળ છે અને આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન પૂરૂં પાડે છે. આર્થતંત્રના ફુગાવાજન્ય પરિબળોને, પ્રવાહોને પહોંચીવળવા નવા પ્લાન્ટ અને મશીનરીમાં વધારો કરવો જરૂરી છે. જે માટે કરવેરા અને બેન્કધીરાણનું માળખું ઉદ્યોગલક્ષી બનવું જરૂરી છે. આ માટે એમએસ એમઈ વિકાસની થીયરી લાવી ઉદ્યોગકારોને પ્રોત્સાહન પૂરૂ પાડી દેશના વિકાસ તથા રોજગારીના લક્ષને સિધ્ધ કરવામાં આવશે.




આઈએસએમઈ વિકાસ ધારો ૨૦૦૬ માં ઘડવામાં આવતા તેમાં સુધારા વધારાના અવકાશ યેનકેન પ્રકારે સંસદના બિલ પસાર કરવામાં અટવાતો હતો જે આ સત્રમાં નિર્ણાયક સાબીત થશે. કાયદાકીય સુધારાના બદલે જાહેરનમા દ્વારા મર્યાદામાં તે દૂર કરવાની સુધારા કરવાની આ બિલમાં છુટ આપવામાં આવતા ઝડપી અને સરળ સુધારા કાયદામાં થતા ઉદ્યોગકારો દ્વારા આમ જનતાને તથા દેશના આર્થિક વિકાસમાં વેગ આવશે.

આ ઉપરાંત શ્રમ કાયદા અને નાના કારખાના અંગેના બિલ પાસ થતા વૈશ્વિક અર્થતંત્રની માંગમાં નાના કારખાનેદારો શ્રમ બજારમાં પ્રવર્તમાન કાયદા સાથે તાલ મિલાવી વૈશ્વિક બજારમાં પોતાની પ્રોડકટ મૂકી વૈશ્વિક હરિફાઈમાં ટકી શકે અને નફો મેળવી શકે જેનાથી નિકાસમાં વધારો થશે.

બાળ મજુરીનું બિલ રોજગારીના પ્રતિબંધિત ક્ષેત્રોની સ્પષ્ટ વ્યાખ્યા રજુ કરી તેમજ તે બદલ કાયદાના ઉલ્લંઘન માટે દંડ વધારી બાળ મજુરી વ્યવસ્થાને કાયદા દ્વારા વધુ મજબુત બનાવાશે જેનાથી સુરક્ષીત કાર્યક્ષમને લાંબા ગાળે જવાબદાર રોકાણના સ્થળોમં વધારો થશે. એસએમઈ માં નાના કારખાનેદારને પગારની ચુકવણીને પ્રમાણભૂત સ્વરૂપ આપી લઘુત્તમ વેતન ધારો અમલમાં મુકાશે જેથી કારીગરોનું આર્થિક શોષણ ઘટશે. કામદારોની સુરક્ષામાં વધારો થશે. નાની કંપની માટે ૧૪ જેટલા કેન્દ્રીય શ્રમ કાયદાને સુધારી લાંબાગાળાની વૃધ્ધિની સંભવિતતા દર્શાવે છે.